ડૉ. અશોક એસ. કોઠારી
ashok.kothari@bombaysamachar.com

આપણા કલ્યાણ મિત્રો

માદાને આકર્ષવા જાતજાતનાં નખરાં કરતો કલગીધારી ખડમોર

આજે આપણે ભારતના બીજા એક સુંદર પક્ષી ખડમોર વિષે જાણીએ. આ પક્ષીનું પ્રચલિત અંગ્રેજી નામ-લેસર ફ્લોરિકન (lesser florican) છે. હિંદીમાં લીખ નામ છે. કચ્છમાં ટીલુર તરીકે ઓળખાય છે. શાસ્ત્રીય નામ Sypreotides indica છે.

દેશી મરઘીના કદનું આ કલગીધારી પક્ષી મોટે ભાગે જમીન ઉપર રહે છે. ભય, સંકેત મળતાં ઘાસમાં છુપાઈ જાય છે.

આ પક્ષીના પગ લાંબા અને પીળા રંગના હોય છે. ચાંચ લાંબી હોય છે. આ કાબરચીતરા પક્ષીની ડોક પાતળી અને લાંબી હોય છે. કાળું માથું અને સફેદ ગળા ઉપરથી પરખાઈ જાય છે. બંને ગાલની બાજુમાંથી લાંબાં કલગી જેવાં પીંછાં પાછળ તરફ જાય છે. અંતમાં ઉપર તરફ વળે છે. ડોક, છાતી અને પેટાળ કાળા રંગના હોય છે. ડોકની નીચેના ભાગમાંથી પાછળ તરફ સફેદ પટ્ટો જાય છે. પીઠ અન પૂંછ ખાખી રંગનાં હોય છે. પીઠ ઉપર તીરના અગ્રભાગ જેવી ત્રિકોણાકાર આકૃતિઓનું ચિતરામણ હોય છે. ટૂંકી પૂંછ ઉપર કાળા રંગના સાંકડા આડા પટ્ટા હોય છે. પૂંછને પંખાની જેમ ઊભી કરી પ્રસારી શકાય છે. પગમાં ત્રણ આંગળાં હોય છે. આંખો કથ્થાઈ રંગની હોય છે. લાંબી ચાંચનું નીચેનું જડબું પીળાશ પડતું હોય છે. ઉપરનું જડબું ઘેરો કથ્થાઈ કે કાળાશ પડતો રંગ ધરાવે છે. પુખ્ત પક્ષીઓની ચાંચ ચપ્પટ હોય છે. આ પક્ષીનો ઉપરનો ભાગ સોનેરી પડતો અથવા ખાખી અને રાખોડી મિશ્રિત હોય છે. પ્રજનનકાળ પછી નરની કલગીઓ ખરી પડે છે. અને દેખાવ માદા જેવો થઈ જાય છે. પાંખોમાંનો સફેદ પટ્ટો માદાથી જુદો પાડે છે. ઉપરનું વર્ણન આપણે નરપક્ષીનું કર્યું.

માદાનો રંગ પીળાશ પડતો ખાખી ત્રિકોણીય હોય છે. તેમાં તીરના અગ્ર ભાગનું ચિતરામણ હોય છે. માથા ઉપર કાળી રેખાઓ હોય છે. ગળાના અગ્ર ભાગમાં પણ આવી બારીક રેખાઓ હોય છે. માદાનો નીચેનો ભાગ પીળાશ પડતો સફેદ હોય છે.

આ પક્ષી વીડ, બાવળ, ખાવળ, થોરના જંગલ અને ખેતરના શેઢાનાં ઘાસમાં લપાયેલાં હોય છે. ઈશાનનાં રાજ્યો સિવાય ભારતભરમાં હોય છે. અંદરો-અંદરનાં પ્રદેશમાં સ્થળાંતર કરે છે. વર્ષાઋતુ દરમિયાન સ્થળાંતર કરે છે. સૌરાષ્ટ્રમાં મે અને જૂન દરમિયાન દેખા દે છે. કચ્છમાં એક જમાનામાં ચોમાસામાં મોટી સંખ્યામાં આગમન થતુ હતું. ખોરાકમાં ફૂંપળ, દાણા, તીતીઘોડા, કંસારા, તીડ વગેરે જીવજંતુઓ આરોગે છે.

સૌરાષ્ટ્રમાં વર્ષાઋતુ દરમિયાન સ્થળાંતર કરે છે. ધર્માકુમારસિંહજીના લખાણ પ્રમાણે માળવા ખાનદેશ અને નર્મદા અને તાપી નદીની ખીણોમાંથી આવે છે.

નર માદાને જોઈ તરેહતરેહના હાવભાવ કરી પોતાના તરફ આકર્ષે છે. વારંવાર હવામાં કૂદકા મારે છે. સાથે દેડકાના અવાજ જેવો અવાજ કરે છે. પીંછાં ફુલાવે છે. ડોક ટટ્ટાર કરે છે. બીજા આજુબાજુના નર પક્ષીઓને પોતાની તાકાતનો પરિચય આપે છે. સલીમ અલી લખે છે કે દિવસમાં પાંચસો વખત હવામાં કૂદકો મારી સીધું નીચે ઊતરે છે. પાંખોનો ફડફડાટ કરે છે. શિકારીઓને ઝડપથી ચાલીને કે ઊડીને ઘાસમાં શાંત પડીને ભૂલથાપ આપે છે.

પ્રજનનકાળ જુલાઈથી ઓક્ટોબર છે. ઘાસમાં નીચે માળો ચણે છે તેમાં ૩થી ૫ ઠંડાં મૂકે છે. ઠંડાં લીલાશ પડતાં કથ્થાઈ અને ઉપર કથ્થાઈ ડાઘા હોય છે. માદા ૨૧ દિવસ સુધી ઠંડા સેવે છે. તે સમય દરમિયાન ખલેલ પહોંચવા છતાં માદા માળામાંથી ખસતી નથી. ત્યાં પણ માતૃપ્રેમના દર્શન થાય છે. ■

૨,૫૩,૦૦૦ નોટઆઉટ!

રમા સતીશ શાહ, નારીશક્તિનું એક અનોખું નામ. છેલ્લાં ૧૩ વર્ષથી જેઓ સતત ગણેશમૂર્તિઓનું સર્જન કરી રહ્યાં છે અને આ ૧૩ વર્ષમાં તેમણે વિશ્વવિક્રમી બે લાખ ત્રેપન હજાર ગણેશમૂર્તિઓનું સ્વહસ્તે સર્જન કર્યું છે. અનેક પુરસ્કારોથી તેઓ સન્માનિત છે. સ્નેહાળ માતા, આદર્શ પત્ની અને કુશળ ગૃહિણી તરીકે ઘરની અંદર તો સફળ છે જ ઉપરાંત સામાજિક ક્ષેત્રે અગ્રેસર રહેનારાં પણ ખરાં. અત્યારે તેઓ મુંબઇ પોલીસ પીસ કમિટી અને મહિલા દક્ષતા કમિટીમાં સભ્ય તરીકે તેમની સામાજિક જવાબદારી અદા કરી રહ્યાં છે. અનેક સંસ્થા અને સેવા મંડળો દ્વારા તેઓ આમંત્રિત અને સન્માનિત છે. ખાસ તેમના મૂર્તિસર્જન માટે થતાં કાર્યક્રમોમાં તેઓ જાહેરમાં ગણેશમૂર્તિ બનાવે છે અને લોકોને તેમના કૌશલ્યનો પરિચય આપે છે. આંખે પટ્ટી બાંધીને જ્યારે તેઓ ગણતરીની મિનિટોમાં ગણેશમૂર્તિ તૈયાર કરી દે છે. તેમની એ કુશળતા લોકો દ્વારા ખૂબ પ્રશંસા અને આદર પામી છે. તેમને મળેલા પુરસ્કારોની યાદી ઘણી લાંબી છે. તેમાં મહિલા શક્તિ એવૉર્ડ, નારીરત્ન એવૉર્ડ, કલા પ્રવીણ એવૉર્ડ, સ્ટાર મહિલા રત્ન એવૉર્ડ વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત લિમ્કા બુક ઓફ રેકોર્ડ, ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ, યુનિક વર્લ્ડ રેકોર્ડ વગેરેમાં પણ તેમનું નામ નોંધાયું છે. આસ્થા ચેનલ પર તેમની ડોક્યુમેન્ટરી ફિલ્મનું પ્રસારણ પણ કરાયું છે. મહારાષ્ટ્રના રાજભવનમાં પણ તેમનું સન્માન કરાયું છે. આ રમાબહેન આ વર્ષે પણ હજારો મૂર્તિઓ તૈયાર કરીને તેમનો રેકોર્ડ આગળ જ વધારતા રહ્યાં છે. ૯૯ દિવસમાં ૯૯૯૯ મૂર્તિઓ બનાવવાનો અને ૨૪ કલાકમાં ૯૯૯ મૂર્તિઓ બનાવવાનો વિક્રમ તેઓ ધરાવે છે. મૂર્તિઓ પણ પાછી વિવિધ સ્વરૂપની અને વિવિધ જાતની. ગણેશના લગભગ જેટલાં સ્વરૂપ પ્રચલિત છે તે બધાં સ્વરૂપોને તેમણે મૂર્તિઓમાં ઉતાર્યાં છે.

'રાત હોય કે દિવસ, જ્યારે અનુકૂળ સમય મળે અને વિક્ષેપ ન પડે એમ હોય ત્યારે મૂર્તિઓ બનાવવાનું શરૂ કરી દઉં છું, અને ગણેશમૂર્તિ માટે લોકોમાં આસ્થા અને ભક્તિ જોઇ અનેરો આનંદ થાય છે. લોકોને સતત તેનો પ્રતાપ પણ મળતો રહ્યો છે અને તેથી તેમની આસ્થા વધતી રહી છે, અને મારી પણ.' એવું કહેનારાં રમાબહેનની ઇચ્છા છે કે જ્યાં સુધી તેમનાથી શક્ય હશે તેઓ મૂર્તિઓનું સર્જન કરતાં જ રહેશે. નાનપણથી તેમનામાં ખીલેલા હસ્તકળાના શોખને રમાબહેને સુપેરે પોષ્યો અને આજે તેનું સંપૂર્ણ ખીલેલું રૂપ જાહેર છે. ઇર્યોભર્યો પરિવાર, ફૌટુંબિક જવાબદારીની સાથે સામાજિક ક્ષેત્રે કાર્યરત રહી આવી અનન્ય ગણેશસાધના કરનારાં રમાબહેન ગુજરાતીઓનું ખરું મહિલાગૌરવ છે. ■

મયૂર પટેલ mayur.patel@bombaysamachar.com

એક સ્થળ, ભૂતાવળ...

એનેલિસ માઈકલઃ એક આદર્શ દીકરીનું સુંદર ભવિષ્ય રોળાઈ ગયું...

નામ એનું એનેલિસ માઈકલ. ૨૧ સપ્ટેમ્બર, ૧૯૫૨ને દિવસે જર્મનીના બર્લિન શહેરમાં તેનો જન્મ થયો હતો. તેનું કુટુંબ કેથોલિક ધર્મ પાળતું હોવાથી નાનપણથી જ એનેલિસને ચર્ચમાં જવાની ટેવ પાડવામાં આવી હતી. તે ચર્ચમાં માત્ર પાર્થના કરવા કે ધાર્મિક પ્રવચન સાંભળવા જ ન જતી, પરંતુ ચર્ચના મકાન અને બગીચાની સાફ-સફાઈ કરવામાં પણ તેને ઘણો આનંદ મળતો. બાળપણથી જ તે પ્રતિભાશાળી હતી અને ચર્ચ દ્વારા કરવામાં આવતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તે અચૂક ભાગ લેતી. શાળાકીય અભ્યાસ દરમ્યાન તેની રીતભાત સંપૂર્ણપણે સભ્યતાથી ભરપૂર રહેતી. ભણવામાં હોશિયાર હોવાથી તેણે ડૉક્ટર બનવાનું સ્વપ્ન જોયું હતું. બધી રીતે જોતાં એનેલિસ એક આદર્શ દીકરી હતી જેનું સુંદર ભવિષ્ય હતું.

જર્મનીના બીજા શહેર બાવીરિયામાં આવેલી મેડિકલ યુનિવર્સિટીમાં એડમિશન મળ્યું તે દિવસ એનેલિસનાં જીવનનો સૌથી ખુશીનો દિવસ હતો, કેમ કે બાવીરિયા મેડિકલ યુનિવર્સિટી વિશ્વની ટોચની મેડિકલ યુનિવર્સિટી હતી અને ત્યાં એડમિશન લેવા માટે ભારે ધસારો રહેતો. ૧૯૬૮માં ૧૬ વર્ષની વયે એનેલિસ ઘર છોડીને બાવીરિયામાં આવી ગઈ. કોલેજની જ હોસ્ટેલમાં રહીને તે ભણવા લાગી. હસમુખા અને મળતાવડા સ્વભાવને લીધે તેણે થોડા જ દિવસોમાં હોસ્ટેલની છોકરીઓ અને સ્ટાફ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપી દીધા.

શરૂઆતનાં થોડાં અઠવાડિયાંઓ બાદ ધીમે ધીમે એનેલિસનું વર્તન બદલાવા માંડ્યું. તે વારંવાર ગુસ્સે થઈ જતી. તેનો સ્વભાવ અતડો થવા લાગ્યો અને તે એકલી રહેવા લાગી. શરૂઆતમાં કોઈએ તેના સ્વભાવમાં આવેલા બદલાવ પર ખાસ ધ્યાન આપ્યું નહીં, પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ પરિસ્થિતિ વધુ ગંભીર થતી ગઈ. એનેલિસને આંચકીઓ આવવા લાગી અને એવા સમયે તે ડોળા ચઢાવી જઈ નીચે પડી જતી. ઘણી મિનિટો સુધી આ જ રીતે નિશ્ચેત પડ્યા રહ્યા બાદ તે આપોઆપ જ ઊભી થઈ જતી, જાણે કે કંઈ બન્યું જ ન હોય. ધીમે ધીમે આચંકીઓનું પ્રમાણ વધવા લાગ્યું અને દિવસમાં ત્રણ-ચાર વાર તેને આ તકલીફ થવા લાગી. આંચકીઓનું પ્રમાણ વધતાં હવે તેના શરીર પર એની અસર દેખાવા લાગી. તેને સતત સ્નાયુઓનો દુખાવો થતો રહેતો.

એક સવારે કંઈક એવું બન્યું હતું કે જે કદી કોઈની કલ્પનામાં પણ ન આવે. એનેલિસ બાથરૂમમાં સ્નાન કરી રહી હતી. અચાનક જ તે કંઈ પણ પહેર્યા વિના બહાર દોડી આવી અને હોસ્ટેલની લોબીમાં જઈ બૂમાબૂમ કરવા લાગી. તેને તદ્દન નગ્ન અવસ્થામાં જોઈ બધા ચોંકી ગયા, પરંતુ તેનું વર્તન એટલું આક્રમક હતું કે કોઈની હિંમત તેની નજીક જઈ તેને શાંત પાડવા કે કોઈ વસ્ત્ર ઓઢાડવાની થઈ નહિ. મિનિટો બાદ તે જાતે જ શાંત થઈ ગઈ અને પોતાના કમરામાં જતી રહી. આ એક અત્યંત ગંભીર બાબત હોવાથી એનેલિસના પરિવારજનોને તાત્કાલિક ખબર આપવામાં આવી.

એનેલિસના ઘરવાળા તો તેના વિશે સાંભળીને અવાચક થઈ ગયા. હવે હોસ્ટેલની કોઈ પણ છોકરી એનેલિસ સાથે એક કમરામાં રહેવા તૈયાર નહોતી, કેમ કે એનેલિસ હિંસક બની જતી ત્યારે ન કરવાનું કરી બેસતી અને કોઈના કાબૂમાં આવતી નહિ. એકાદ-બે વાર તેણે પોતાની રૂમ પાર્ટનરને માર પણ માર્યો હતો. આથી એનેલિસના ઘરના લોકો તેને લેવા ન આવે ત્યાં સુધી તેને એકલી જ એક રૂમમાં પૂરી રાખવામાં આવી, પરંતુ એનેલિસને આનો કોઈ વાંધો નહોતો, કેમ કે તે એકાંતને પોતાનો સાથી બનાવી ચૂકી હતી.

એનેલિસનાં માતા-પિતા તેને લેવા હોસ્ટેલ પહોંચે તેની એક રાત પહેલાં એક ભયંકર ઘટના ઘટી. અડધી રાતે કોઈકે એનેલિસને હોસ્ટેલના ગાર્ડનમાં નગ્નાવસ્થામાં પડેલી જોઈ. તેના શરીર પર ઘા પડ્યા હતા અને તે લોહીલુહાણ હતી. પોલીસ આવી ત્યાં સુધીમાં એનેલિસ થોડી સ્વસ્થ થઈ ચૂકી હતી. પોલીસ સાથેની વાત દરમ્યાન તેણે ધડાકો કર્યો, 'મારા પર બળાત્કાર થયો છે.'

વાતાવરણમાં ખામોશી છવાઈ ગઈ. એનેલિસ જે કંઈ કરતી હતી અને બોલતી હતી એ સ્પષ્ટપણે ગાંડપણનું લક્ષણ હતું એવું ધારી લેવામાં આવ્યું. એનેલિસનાં માતા-પિતા તેને ઘરે લઈ ગયાં અને બાવીરિયા પોલીસે એ રીતે ખરેખર શું બન્યું હતું એની તપાસ ચલાવી. પોલીસ તપાસમાં કોઈ પણ શકમંદ વ્યક્તિ મળી નહિ એટલે માનસિક બીમારી હેઠળ તે જુઠું બોલી રહી હતી એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો. બીજી બાજુ તેના મેડિકલ રિપોર્ટમાં એવું બહાર આવ્યું કે એ રાતે તેના ઉપર એકથી વધુ વાર બળાત્કાર થયો હતો! પોલીસ અને ડૉક્ટરોમાંથી સાચું કોણ એની અવઢવમાં બધા હતા. હકીકત એ હતી કે પોલીસ અને ડૉક્ટરો બંને જ સાચા હતા. એનેલિસ માઈકલ પર એ રાતે ખરેખર રેપ થયો હતો, પરંતુ રેપ કરનાર કોઈ ઈન્સાન નહોતા તેના પર બળાત્કાર કરનાર ભૂતો હતા!

> એનેલિસ જે કંઈ કરતી હતી અને બોલતી હતી એ સ્પષ્ટપણે ગાંડપણનું લક્ષણ હતું એવું ધારી લેવામાં આવ્યું. એનેલિસનાં માતા-પિતા તેને ઘરે લઈ ગયાં અને બાવીરિયા પોલીસે એ રીતે ખરેખર શું બન્યું હતું એની તપાસ ચલાવી. પોલીસ તપાસમાં કોઈ પણ શકમંદ વ્યક્તિ મળી નહિ એટલે માનસિક બીમારી હેઠળ તે જુઠું બોલી રહી હતી એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો. બીજી બાજુ તેના મેડિકલ રિપોર્ટમાં એવું બહાર આવ્યું કે એ રાતે તેના ઉપર એકથી વધુ વાર બળાત્કાર થયો હતો!

બર્લિનમાં મનોચિકિત્સક પાસે લઈ જવાયેલી એનેલિસે જ્યારે એવું કહ્યું કે તેની ઉપર એકથી વધારે ભૂતોએ રેપ કર્યો હતો ત્યારે બધા જ ચોંકી ગયા. તેની માનસિક સારવાર માટે વધુ સારા ડૉક્ટરોને રોકવામાં આવ્યા, પરંતુ એનેલિસના વર્તનમાં કોઈ સુધારો થયો નહિ. તે હવે પહેલાં કરતાં વધુ હિંસક બની હતી. તે ડૉક્ટરો અને નર્સો ઉપર હુમલો કરવા લાગી. હિંસક અવસ્થામાં તે જાતજાતના અવાજો કાઢતી. પુરુષોના અવાજમાં બોલતી. તેને સતત પલંગ સાથે બાંધી રાખવાના દિવસો આવ્યા. મોંઘામાં મોંઘી દવાઓની પણ તેના ઉપર કોઈ હકારાત્મક અસર થતી નહોતી. છેવટે ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધા.

એનેલિસના અકળ વર્તનનો મેડિકલ સાયન્સ પાસે કોઈ જવાબ નહોતો. છેવટે ચર્ચના પાદરીની મદદ માગવામાં આવી. ઘરમાં પણ એનેલિસને તેના રૂમમાં પલંગ પર બાંધીને જ રાખવામાં આવતી હતી અને એની એ દશામાં જ પાદરીએ તેની સારવાર શરૂ કરી. દયાળુ પાદરી સવાર-સાંજ તેની પાસે જઈ દૈવી પ્રાર્થના કરતા અને એનેલિસને પિશાચોના કબજામાંથી છોડાવવા માટે ઈશ્વરને પ્રાર્થના કરતા.

એક રવિવારે સવારની પ્રાર્થના બાદ એનેલિસની માતા કેથરીન પાદરીને ચર્ચમાં મળી. કેથરીને તેમને કહ્યું કે તેઓ એક વાર એનેલિસને સાજી કરી દે પછી તેઓ તેમની પુત્રીને ઈશુને જ સમર્પિત કરી દેશે. તેને નન બનાવી દેશે.

કેથરીનની ઈચ્છા-પ્રાર્થના ઈશ્વરે તો ન સાંભળી, પરંતુ શેતાને સાંભળી લીધી. એ રાતે એનેલિસ પર ભૂતોએ ફરી વાર રેપ કર્યો. પલંગ પર લોહીલુહાણા હાલતમાં પડેલી એનેલિસ કેથરીનને સંબોધીને પુરુષના અવાજમાં બોલી, ''અપવિત્ર છોકરી કદી નન ન બની શકે!''

એનેલિસના શરીરમાં ભૂતો વસતા હોવાના કોઈ વધારે પુરાવાઓની હવે જરૂર નહોતી. તેણે ખાવા-પીવાનું છોડી દીધું અને ધીમે ધીમે તેનું શરીર ઘસાતું ચાલ્યું. દીકરીને કોઈ પણ ભોગે બચાવવા માટે મરણિયા બનેલાં માઈકલ દંપતીએ તાંત્રિક વિધિના જાણકારોને બોલાવીને પણ વિધિઓ કરાવી જોઈ, પરંતુ કોઈ ફાયદો થયો નહિ.

એનેલિસના કૃશકાય શરીરમાં પણ ભૂતો ઉત્પાત મચાવતાં રહ્યાં. ભૂતોના હુમલા દરમ્યાન તે ભારે ઊછળકૂદ કરી બંધનમુક્ત થવા પ્રયત્નો કરતી. હારેલા-થાકેલા માઈકલ પરિવારે છેવટે એનેલિસના બચવાની આશા છોડી દીધી.

તમામ પ્રકારની સારવાર બંધ કર્યા બાદ પણ તે અઠવાડિયાંઓ સુધી જીવતી રહી. છેવટે પહેલી જુલાઈ, ૧૯૭૬ના દિવસે તેણે દમ તોડી દીધો. એનેલિસના શરીરમાં ઘૂસેલાં ભૂતો આખરે તેને પોતાની સાથે જ લઈ ગયાં. એનેલિસની કહાની પરથી ૨૦૦૬માં જર્મનીમાં 'રેકવીમ' નામની એક ફિલ્મ પણ બની હતી. ■